**ફોજદારી કેસ નં.૮૮૦૨/૨૦૨૫**

## <u>–:: આંક–૧ લગત હુકમ ::–</u>

સદર ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરેલ છે. ફરિયાદી આજરોજ કોર્ટમાં હાજર થયેલ છે અને આંક–૧૩ થી પુરસીસ આપી જાહેર કરે છે કે આ કેસમાં તેઓનું આરોપી સાથે આંક–૧૨ ના સમાધાન કરાર મુજબ સમાધાન થઈ ગયેલ છે અને આરોપીએ ચેકમાં જણાવેલ રકમ સમાધાન કરાર મુજબ ફરિયાદીને ચુકવી આપવા જણાવેલ હોય તેઓને આ કેસ આગળ ચલાવવો નથી.

આમ સદર કેસનું રેકર્ડ જોતા આરોપી ઉપર મુકવામાં આવેલી કલમ જોતા સમાધાન લાયક હોય અને ફરિયાદીનું આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

આ કેસ ફરિયાદીની આંક–૧૩ થી રજુ પુરસીસના આધારે આજરોજની લોક અદાલતમાં ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**તા.૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ : નવસારી.**

**(પ્રભાકર કૃષ્ણકાંત રાય)**
**અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**નવસારી.**
**કોડ નં. જીજે ૦૧૧૧૨**